# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,  ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૨૫/૦૭/૨૦૧૯ ના રોજ જાહેરાત ક્રમાંકઃ **૧૫૨/૨૦૧૮૧૯ થી ૧૬૬/૨૦૧૮૧૯** પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ હતા. જે પૈકીના નીચે દર્શાવેલ સંવર્ગોની પ્રથમ  તબક્કાની MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી ગાંધીનગર ખાતેના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. જે અંગેની સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેની સંવર્ગવાર તારીખો નક્કી કરીને તા. ૧૧/૦૧/૨૦૨૧ અને તા. ૨૨/૦૧/૨૦૨૧ ના રોજ મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. જે સંદર્ભે ઉકત દરેક સંવર્ગની પરીક્ષા માટેના કોલ-લેટર ડાઉનલોડ કરવા માટેનો કાર્યક્રમ નીચે દર્શાવ્યા પ્રમાણેનો મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. જે અનુસાર કોલ લેટર ડાઉનલોડ કરી લેવાનો રહેશે. જેની સંબંધિત ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.

**સ્પર્ધાત્મક લેખિત કસોટી**

| અ. નં. | જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ | પરીક્ષાની તારીખ/ સમય | કોલ લેટર ડાઉનલોડ કરવા માટેની તારીખ–સમયની વિગતો |
|---|---|---|---|
| ૧ | ૧૬૬/૨૦૧૮૧૯ સહાયક તકનીકી (ટેકનીકલ આસીસ્ટન્ટ) | ૦૬/૦૨/૨૦૨૧ ૧૫–૦૦ થી ૧૭–૦૦ | તા. ૨૮/૦૧/૨૦૨૧, બપોરે ૧૪–૦૦ કલાક થી તા. ૦૬/૦૨/૨૦૨૧, બપોરે ૧૫–૦૦ કલાક સુધી |
| ૨ | ૧૫૩/૨૦૧૮૧૯ અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) | ૦૭/૦૨/૨૦૨૧ ૧૧–૦૦ થી ૧૨–૩૦ | તા. ૨૮/૦૧/૨૦૨૧, બપોરે ૧૪–૦૦ કલાક થી તા. ૦૭/૦૨/૨૦૨૧ સવારે ૧૧–૦૦ કલાક સુધી |
| ૩ | ૧૫૨/૨૦૧૮૧૯ અધિક મદદનીશ ઇજનેર (વિદ્યુત) | ૦૭/૦૨/૨૦૨૧ ૧૫–૦૦ થી ૧૬–૩૦ | તા. ૨૮/૦૧/૨૦૨૧, બપોરે ૧૪–૦૦ કલાક થી તા. ૦૭/૦૨/૨૦૨૧ બપોરે ૧૫–૦૦ કલાક સુધી |
| ૪ | ૧૬૦/૨૦૧૮૧૯ મિકેનીક | ૧૪/૦૨/૨૦૨૧ ૧૧–૦૦ થી ૧૨–૩૦ | તા. ૦૪/૦૨/૨૦૨૧, બપોરે ૧૪–૦૦ કલાક થી તા. ૧૪/૦૨/૨૦૨૧, સવારે ૧૧–૦૦ કલાક સુધી |
| ૫ | ૧૬૪/૨૦૧૮૧૯ ઇકોનોમિક ઇન્વેસ્ટીગેટર | ૧૪/૦૨/૨૦૨૧ ૧૫–૦૦ થી ૧૭–૦૦ | તા. ૦૪/૦૨/૨૦૨૧, બપોરે ૧૪–૦૦ કલાક થી તા. ૧૪/૦૨/૨૦૨૧, બપોરે ૧૫–૦૦ કલાક સુધી |

ઉમેદવારોએ જે તે સંવર્ગની પ્રથમ તબક્કાની MCQ-OMR  પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી માટેના કોલ-લેટર તથા તે સાથેની જરૂરી સુચનાઓ સહિત ઉપર દર્શાવેલ નિયત તારીખ-સમયગાળા દરમ્યાન **"https:// ojas.gujarat.gov.in"**  વેબસાઇટ પરથી અચૂક (ON LINE) ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કાઢી લેવાની  રહેશે.

પ્રવેશપત્ર **"ON LINE"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ પ્રથમ કોમ્પ્યુટરમાં (૧) **"https: // ojas.gujarat.gov.in"**  વેબસાઇટ પર જવું. (૨) MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક

લેખિત કસોટી માટેના ઉમેદવારોએ " **Print** " પર "**Click**" કરવું. (૩) ત્યાર બાદ "**Primary Call Latter**" પર "**Click**" **કરીને Select job** ના બોક્ષમાંથી આપ જે જાહેરાતનો કોલલેટર ડાઉનલોડ કરવા માંગતા હોય તે જાહેરાત **Select** કરીને નિયત બોકસમાં "**Confirmation Number**" તથા "**Birth Date**" ટાઇપ કરીને **OK** પર **Click** કરવાથી અલગ Window માં આપનો **Call letter** (પ્રવેશપત્ર ) સ્ક્રીન પર દેખાશે. જે **Call Latter** તથા તે સાથેની સુચનાઓની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. ( કોલ લેટર નવી વિન્ડોમાં ખોલવા માટે **Pop up Blocker Off** કરવું જરૂરી છે. )

ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ-લેટર તથા સુચનાઓની વિગતો કે જે સ્પર્ધાત્મક લેખિત કસોટી સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળના નાયબ સચિવશ્રી (તાંત્રિક પરીક્ષા) નો કચેરી સમય દરમ્યાન ફોન નંબરઃ- **૦૭૯- ૨૩૨૫૩૬૨૮** પર સંપર્ક કરી શકાશે.



સ્થળઃ- ગાંધીનગર
તારીખ- ૨૮/૦૧/૨૦૨૧

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર